## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦નું અમલીકરણ

*15/4/1709 **શ્રી અમીત શાહ** (એલીસબ્રીજ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦માં જણાવેલ મુદ્દા પૈકી કેટલા મુદ્દાઓનું અમલીકરણ થયું છે, | (૧) સામેલ પત્રક : અ મુજબ |
| (૨) બાકી રહેલ મુદ્દાઓના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે, અને | (૨) જે મુદ્દાઓનું અમલીકરણ બાકી છે તે માટે યુજીસી દ્વારા સમયાંતરે ગાઈડલાઈન્સ બહાર આવતા અમલીકરણની કામગીરી કરવામાં આવશે. |
| (૩) ઉક્ત નીતિ અંતર્ગત વૈશ્વિક રેન્કીંગ સુધારવા માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૩) • વૈશ્વિક સ્તરે રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓના રેન્કિંગને સુધારવા માટે ગુજરાત એક્રેડીટેશન એન્ડ રેન્કિંગ ઈન્સ્ટીટ્યુશનલ મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ટ (GARIMA) સેલ અને સ્ટેટ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન સેન્ટર (SAAC) અને સ્ટેટ ક્વોલીટી એશ્યોરન્સ સેલ (SQAC)ની સ્થાપના કરવામાં આવેલ છે.<br>• નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF)ની સમકક્ષ યુનિવર્સિટીઓ, કોલેજો અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનું વ્યાપક મૂલ્યાંકન કરવા માટે ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્ક (GSIRF)ની શરૂઆત કરવામાં આવેલ છે. |

પત્રક : અ

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અંતર્ગત દર્શાવવામાં આવેલ મુદ્દાઓ અનુસાર શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ૫મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ યોજાયેલી વાઇબ્રન્ટ ગુજરાત એજ્યુકેશન સમિટ ૨૦૨૨નાં ભાગ રૂપે યોજાયેલ પ્રોગ્રામ – ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઑફ એકેડેમિક ઇન્સ્ટિટ્યુશન્સ (ICAI) દરમ્યાન "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ નો અમલીકરણ રોડમેપ" લોન્ચ કરવામાં આવેલ છે. જેના અંતર્ગત આગામી ૧૦ વર્ષમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં અમલીકરણને ટૂંકા ગાળા (0–3 વર્ષ), મધ્યમ ગાળા (3–6 વર્ષ) અને લાંબા ગાળા (6–10 વર્ષ)માં વિભાજિત કરવામાં આવ્યા છે.
- ટૂંકા ગાળાનો એક્શન પ્લાન (૦ થી ૩ વર્ષ):

1) સંશોધન– ઇન્ટેન્સીવ યુનિવર્સીટી અથવા શિક્ષણ– ઇન્ટેન્સીવ યુનિવર્સીટી
2) ઇન્સ્ટીટયુશનલ ડેવલોપમેન્ટ પ્લાન(IDP)
3) વ્યાવસાયિક અને શૈક્ષણિક શિક્ષણનું એકીકરણ
4) રીસર્ચ એન્ડ ઇનોવેશનમાં સુધારો
5) ભારતીય શિક્ષણ પ્રણાલીનો પ્રચાર
6) આંતરરાષ્ટ્રીયકરણ
7) એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ(ABC)
8) બ્લેન્ડેડ લર્નિંગ મોડ વિથ સીમલેસ 'એડ–ટેક' ઇન્ટીગ્રેશન
9) મલ્ટીપલ એન્ટ્રી એન્ડ એક્ઝીટ સીસ્ટમ
10) મલ્ટી ડીસીપ્લીનરી પ્રોગ્રામ્સ ઇન ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને ક્રેડીટ બેઇઝ્ડ કોર્સીસ
11) સામાન્ય સુવિધાઓ અને સહયોગ દ્વારા શૈક્ષણિક સંસાધનો ઉપલબ્ધ કરાવવા
12) વિદ્યાર્થીઓને સહાય અને માર્ગદર્શન

- મધ્યમ ગાળાનો એક્શન પ્લાન (૩ થી ૬ વર્ષ):

1) મલ્ટીડીસીપ્લીનરી એજ્યુકેશન એન્ડ રીસર્ચ યુનિવર્સીટીઝ(MERUs), મલ્ટીડીસીપ્લીનરી યુનિવર્સીટી
2) ગ્રોસ એનરોલ્મેન્ટ રેશિયોમાં (GER) વધારો
3) એક્રીડીટેશન અને ગ્રેડેડ ઓટોનોમી
4) પરીક્ષામાં સુધારા
5) ફેકલ્ટી ભરતીમાં શ્રેષ્ઠતા, પ્રમોશન અને કેપેસિટી બિલ્ડીંગ

- લાંબા ગાળાનો એક્શન પ્લાન (૭ થી ૧૦ વર્ષ):

1) કોલેજોનું ડી–એફિલિએશન
2) ગવર્નન્સ બાબતે યુનિવર્સીટી એકટમાં સુધારો
3) ઓટોનોમસ ડીગ્રી–ગ્રાન્ટીંગ કોલેજો(AC)

તા:૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શિક્ષણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ના મુદ્દાઓનાં અમલીકરણ માટે નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે:

1) "રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020 નો અમલીકરણ રોડમેપ" લોન્ચ કરવામાં આવેલ છે.
2) 'શ્રી કે કે શાસ્ત્રી ગવર્નમેન્ટ કૉલેજ કન્ફેડરેશન (KKSGCC)'ની રચના કરવામાં આવેલ છે.
3) 'બિલ્ડિંગ વર્લ્ડ ક્લાસ યુનિવર્સિટીઝ' પર બે દિવસીય સિમ્પોઝિયમ.
4) મલ્ટી/ઇન્ટર–ડિસિપ્લિનરી/રીસર્ચ યુનિવર્સિટીઓ માટે સાત યુનિવર્સિટીઓ 'સેન્ટર ઓફ એક્સલન્સ' તરીકે ઓળખ આપવામાં આવેલ છે.
5) 'ગુજરાત NEP સેલ' ની રચના.
6) 'NEP સેલ' હેઠળ 12 ટાસ્ક ફોર્સ સમિતિઓની રચના
7) NEP ડેશબોર્ડનું વ્યૂહાત્મક આયોજન.
8) ગુજરાત એક્રેડીટેશન એન્ડ રેન્કિંગ ઇન્સ્ટીટયુશનલ મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ટ (GARIMA) સેલ અને સ્ટેટ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન સેન્ટર (SAAC) અને સ્ટેટ ક્વોલીટી એશ્યોરન્સ સેલ (SQAC)ની સ્થાપના.

9) 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અમલીકરણના બે વર્ષ' પર એક અહેવાલ પ્રકાશિત કરવામાં આવેલ છે.

10) એક્સપર્ટ કમિટી દ્વારા માતૃભાષામાં અભ્યાસક્રમની રચના.

11) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) દ્વારા 23 પુસ્તકોનું ટ્રાન્સલેશન કરવામાં આવેલ છે અને 80+ પુસ્તકોના ટ્રાન્સલેશનની પ્રક્રિયા ચાલુ છે.

12) તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ માટે કોમન કરીક્યુલમ અને ક્રેડિટ ફ્રેમવર્કની રચના.

13) 26મી જુલાઈ 2023ના રોજ NEP-2020ના અમલીકરણ માટે એક કોમન સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) જારી કરવામાં આવેલ છે.

14) ઇમર્જીંગ સ્કીલ્સ સેકટરમાં 1056 સીટોનો વધારો.

15) ઓસ્ટ્રેલિયાની સૌથી પ્રતિષ્ઠિત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, ડીકિન યુનિવર્સિટી અને વોલોન્ગોંગ યુનિવર્સિટીએ ગિફ્ટ સિટી–ગુજરાત ખાતે ઇન્ટરનેશનલ બ્રાન્ચ કેમ્પસ (IBC) ની સ્થાપના કરી છે.

16) તમામ રાજ્ય યુનિવર્સિટીઓ માટે સરળ, યોગ્ય, વ્યવહારુ, કાયદેસર રીતે ન્યાયી અને સમાન કાયદો ઘડવા માટે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ–2023 પસાર કરવામાં આવેલ છે.

17) 'વેસ્ટર્ન ઝોન વાઈસ ચાન્સેલર્સ કોન્ફરન્સ ઓન ઇમ્પ્લીમેન્ટેશન ઓફ નેશનલ એજ્યુકેશન પોલિસી – 2020'નું 6 રાજ્યો (ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, દીવ, દમણ અને દાદરાનગર હવેલી)ની યુનિવર્સિટીઓ માટે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત કુલ 179 યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો.

..........................